**(૧) નંદાલય :** અષાઢ વદ એકમ થી આઠમ સુધીમાં શ્રી ઠાકોરજી નંદાલયમાં ઝૂલે છે એવી ભાવના છે. હિંડોળાનું અધિવાસન થાય ત્યારે હવેલીમાં ડોલ તિબારીમાં ચાંદી કે સુરંગના હિંડોળા રોપવામાં આવે છે. આ હિંડોળા આખા હિંડોળા ઉત્સવ દરમિયાન હિંડોળા વિજય થાય ત્યાં સુધી બિરાજે છે. સામાન્ય રીતે ચાંદી કે સુરંગના હિંડોળાથી અધિવાસન થાય છે અને શરૂઆતના ત્રણ દિવસ શ્રી ઠાકોરજી એ જ હિંડોળામાં ઝૂલે છે. આ આઠ દિવસમાં સાદા હિંડોળા હોય છે.

**(૨) શ્રી ગિરીરાજ પર હિંડોળા :** અષાઢ વદ નોમ થી શ્રાવણ સુદ એકમ સુધી શ્રી ઠાકોરજી ગિરીરાજ પર હિંડોળામાં ઝૂલે છે તેવી ભાવના છે. ગિરીરાજજીની સ્થાપના કરી હિંડોળાના વિવિધ મનોરથો થાય છે.

**(૩) કુંજોમાં હિંડોળા :** શ્રાવણ સુદ એકમથી થી આઠમ સુધી શ્રી ઠાકોરજી વિવિધ કુંજોમાં હિંડોળે ઝૂલે છે. હવે વિવિધ હિંડોળા શરૂ થાય છે. ફળ, ફૂલ, ચંદનના પાન, સૂકો મેવો વગેરેના કલાત્મક હિંડોળા ભરાય છે. વિવિધ કુંજોની રચના થાય છે. 'શ્રાવણ ભાદો' નો મનોરથ પણ આ દિવસોમાં થાય. વિજળીના કડાકા, વાદળાના ગડગડાટ અને ઝરમર વરસતાં વાદળામાં વૃક્ષોની છાયામાં ઝૂલો બાંધી શ્રી ઠાકોરજીને ઝૂલાવે છે. આ મનોરથ મનમોહક છે.

**(૪) શ્રી યમુના પુલિન પર હિંડોળા :** હિંડોળા ઉત્સવના છેલ્લા આઠ દિવસ-શ્રાવણ સુદ નોમ થી શ્રાવણ વદ બીજ સુધી શ્રી ઠાકોરજી યમુનાજીના કિનારે હિંડોળામાં ઝૂલે છે. આ દિવસોમાં પણ ફૂલોના વિવિધ હિંડોળા લીલા સૂકા મેવાના હિંડોળા, કાચના હિંડોળામાં શ્રી ઠાકોરજી ઝૂલે છે.

**હિંડોળાના પ્રકાર**

હિંડોળાના મુખ્ય બે પ્રકાર છે.
(૧) બે ખંભનો (૨) ચાર ખંભનો.

સામાન્ય રીતે હિંડોળા બે ખંભના જ હોય છે પણ પ્રાચીન સંપન્ન્ હવેલીઓમાં ચાર ખંભના મોટા હિંડોળા બિરાજે છે.

ફળ, ફૂલ, સૂકો મેવો કે પાનથી આવા ચાર ખંભના હિંડોળા ભરવામાં આવે ત્યારે તેની ભવ્યતા જોવા જેવી હોય છે. બે ખંભની વચ્ચે મોગરાની કળીની ઝાલર કે એલચીની ઝાળી ભરાય ત્યારે તેની શોભા અવર્ણનીય છે.

સોના ચાંદીના કિંમતી હિંડોળા પણ હવેલીમાં બિરાજતા હોય છે. કલાની દૃષ્ટિએ લાખમાં જડેલા કાચના હિંડોળા પણ આગવું સ્થાન ધરાવે છે. કાચના વિવિધ રંગી ટૂકડાઓની સુંદર ફૂલવેલ, પશુપક્ષીની ડિઝાઈન લાખમાં ઉપજાવવામાં આવે છે.

શ્રી પ્રભુની સેવામાં સર્વ કલાઓના વિનિયોગની ભાવના આ બધા હિંડોળામાં નજરે પડે છે. સુરંગ હિંડોળા લગભગ દરેક મંદિરમાં હોય છે.

## હિંડોળાની ભાવના

ચાર યુથાધિમાં (૧) શ્રી સ્વામીનીજી (૨) શ્રી ચંદ્રાવલીજી (૩) શ્રી રાધાસહચરીજી (૪) શ્રી યમુનાજી ના ભાવથી આઠ-આઠ મનોરથ થાય છે.

-જમણા, ડાબા અને ઉપરનો આડો એમ ત્રણ ખંભા છે. ક્રમશ : શ્રી ચંદ્રાવલીજી, શ્રી લલીતાજી અને શ્રી વિશાખાજીના ભાવથી ઉપરના મોગરા, દાંડી સખીઓના ભાવથી છે. હિંડોળા શ્રી સ્વામીનીજીના પ્રેમ ભાવે છે. શ્રી સ્વામીનીજીઓ પ્રભુને ઝૂલાવે. યુગલ સ્વરૂપે પણ ઝૂલાને. શ્રી ઠાકોરજી પણ શ્રી સ્વામીનીજી તથા અન્ય સખીઓને ઝૂલાવે છે.

હિંડોળા ઉત્સવમાં કિશોર ભાવ છે. તેથી ડોલ તિબારીમાં અથવા બગીચામાં સજાવાય છે.

હિંડોળા લીલામાં ચાર ઘટાઓ, ચાર યુથાદિયોના ભાવથી (૧) પીળી અને ગુલાબી ઘટા શ્રી સ્વામીનીજીનો ભાવ (૨) સફેદ અને કેસરી - શ્રી શ્રુતિરુપાનો ભાવ (૩) કસુંબી લાલ, હરિયાળી લીલી - ઋષિરૂપાનો ભાવ (૪) શ્યામ ભૂરી ઘટા - શ્રી યમુનાજીનો ભાવ.

આ વખતે છ ઋતુઓ પણ સખી સ્વરૂપે પ્રત્યક્ષ સેવા કરે છે.

## નાથદ્વારામાં હિંડોળા

સમસ્ત પુષ્ટિમાર્ગીય મંદિરો કરતાં નાથદ્વારામાં હિંડોળાની કેટલીક વિશેષતાઓ છે.

સર્વ મંદિરોમાં શ્રી ઠાકોરજી હિંડોળામાં સિંહાસન પર બિરાજે છે જ્યારે નાથદ્વારામાં શ્રી ઠાકોરજી ચોકી પર બિરાજે છે. તેનું કારણ એ છે કે સર્વ મંદિરોમાં નંદાલયની ભાવનાથી શ્રી ઠાકોરજી શ્રી યશોદાજીની ગોદમાં બિરાજી ઝૂલે છે જ્યારે શ્રી ગોવર્ધનધર પ્રભુ શ્રીનાથજી નિકુંજનાયક ગોલોકનાથ છે ચારે બાજુ વ્રજલલનાઓ ઝૂલાવે છે અને દર્શન કરે છે તે ભાવથી અહીં ચોકી આવે છે.

નાથદ્વારામાં ભોગ સમયે હિંડોળામાં બિરાજી પ્રભુ ઝૂલે છે જ્યારે બીજા ઘરોમાં સંધ્યા આરતી પછી ઝૂલે છે. તેનું કારણ એ છે કે પ્રભુ ગાયો ચરાવીને ઘેર પાછા ફરે પછી ઘૈયાં આરોગાવી વ્રજરાણી યશોદાજી પ્રભુને ઝૂલાવે છે. જ્યારે કિશોરભાવથી અહીં શ્રી ઠાકોરજી વ્રજની કુંજ નિકુંજમાં ઝૂલી પછી ઘેર પધારે છે તેથી નાથદ્વારામાં ભોગમાં ઝૂલે છે.

નાથદ્વારામાં હિંડોળામાં શ્રી મદનમોહનજી અને શ્રી બાલકૃષ્ણજી ઝૂલે છે. શ્રી મદનમોહનજીને નિત્ય વેણુ ધરતા નથી કારણ કે શ્રી વેણુ દ્વારા કામદેવને પણ તેઓ મોહિત કરી શકે છે પરંતુ હિંડોળાના ૩૨ દિવસ વેણુ દ્વારા સૌનાં મન મોહિત કરવાના ભાવથી શ્રી મદનમોહનજી હિંડોળામાં વેણુ ધરે છે. શ્રી મદનમોહનજી કિશોરભાવથી અને શ્રી બાલકૃષ્ણજી બાલભાવથી ઝૂલે છે. શ્રી બાલકૃષ્ણજી દરરોજ ઝૂલતા નથી.

હિંડોળાની લીલા કિશોરભાવની છે. હિંડોળે કોઈપણ સ્વરૂપ ઝૂલે પરંતુ કિશોરભાવની લીલા હોવાથી શ્રી

ગોકુલચંદ્રમાજી, શ્રી વિઠ્ઠલનાથજી, શ્રી મદનમોહનજી અને શ્રી ગોવર્ધનનાથજી એમ ચાર કિશોરભાવના સ્વરૂપોને સંબોધીને જ કીર્તન ગવાય છે.

અષાઢ વદ બીજના શૃંગાર શ્રી ચંદ્રાવલીજીની આડીથી થાય છે.

**છ હિંડોળા સ્થાન**

૧) શ્રી ગોવર્ધન પર્વત પર
૨) શ્રી કરહેલા
૩) સંકેતવન
૪) આંજનોખર
૫) વૃંદાવન
૬) કામવન શ્રીકુંડ

**ગોવિંદસ્વામીની કદંબખંડી** : સુરભિકુંડની નજીકમાં ગોવિંદ સ્વામીની કદંબખંડી છે તે શ્રી ઠાકોરજીનું હિંડોળા ઝૂલવાનું સ્થળ છે.

**કરહલા** : શ્રી ઠાકોરજીની બેઠક અને હિંડોળા ઝૂલવાનું સ્થાન છે કારણ કે શ્રી લલિતાજીએ અહીં યુગલ સ્વરૂપને હિંડોળે ઝૂલાવ્યા હતા.

**સંકેતવન** : હિંડોળા ઝૂલવાનું અને રાસ મંડળનું સ્થાન છે.

**આંજનોખર** : રૂનકી અને ઝુનકી બે સખીઓ હતી. તેમાંની એક સખી શ્રી રાધાજી પાસે ગઈ બીજી કૃષ્ણ પાસે ગઈ. એકે શ્રી રાધાજીને કહ્યું તમને કૃષ્ણ બોલાવે છે. બીજીએ શ્રી કૃષ્ણને કહ્યું તમને રાધાજી બોલાવે છે. આવી ચતુરાઈથી યુગલ સ્વરૂપનો મેળાપ કરાવી આપ્યો. તેમના ઘરે આંજનોખર ગામે લઈ ગઈ ત્યાં હિંડોળે ઝૂલાવ્યા. માખણ મીસરી આરોગાવ્યાં. આથી પ્રસન્ન થઈ શ્રીકૃષ્ણે રૂનકી-ઝૂનકી કુંડ ઉપર ઝુનકી સખીનો શૃંગાર કર્યો હતો.

---

## હિંડોળા ખાટ

**જ્યોતિપુંજ જુલાઈ ૨૦૨૨ના આધારે યોગ્ય જોડી જોડો**

| નામ | | વિગત | |
|---|---|---|---|
| ૧) | સમીર પ્રવીણચંદ્ર ધારીઆ | ક) | પ્રમુખ પદે બીન હરીફ ચૂંટાયેલ જાહેર થયા |
| ૨) | પ્રશાંત સુરેશચંદ્ર પરીખ | ખ) | ટેલિફોન નંબરમાં અંક બે ચાર વાર છે - નોટબુક રાહત યોજના |
| ૩) | કેતન રજનીકાંત કડકીઆ | ગ) | દિવાળી-પર્વ ભોજન વ્યવસ્થા |
| ૪) | દર્શન હરીશ પરીખ | ઘ) | કોમ્પ્યુટર શિક્ષણ યોજના |
| ૫) | સમીર જયેન્દ્ર ગાંધી | ચ) | શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના મંત્રી |
| ૬) | આઈ.ઓ. ધારીઆ | છ) | શ્રી બાલાસિનોર નવયુવક સંઘના સભ્ય |
| ૭) | મંજુલ ધારીઆ | જ) | દિવાળી આર્થિક રાહત યોજના |
| ૮) | કેદાર ગાંધી | ઝ) | કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોરના મંત્રી |
| ૯) | કમલેશ ચંદ્રકાંત દોશી | ટ) | રસોત્સવ |
| ૧૦) | પરેશ પરીખ | ઠ) | સંસ્થાના ઓડીટર તરીકે નિમણૂંક થઈ |

જવાબ : ૧-જ, ૨-ઘ, ૩-ટ, ૪-ખ, ૫-ક, ૬-ઠ, ૭-ચ, ૮-ગ, ૯-છ, ૧૦-ઝ

# જાણો શું છે અગ્નિપથ અને શા માટે બનશો અગ્નિ વીર....

- નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)

કેન્દ્ર સરકારે હમણાં એક મોટી મહત્વાકાંક્ષી યોજના શરૂ કરી છે. કેન્દ્રીય કેબિનેટે સશસ્ત્ર દળોમાં સેવા આપવા માટે ભારતીય યુવાનો માટે આકર્ષક ભરતી યોજના 'અગ્નિપથ - Agnipath' ને મંજૂરી આપી છે. રક્ષા મંત્રી એ જણાવ્યું છે કે 'અગ્નિપથ ભરતી યોજના -Agniveer Scheme recuitment ને લોન્ચ કર્યું અને કહ્યું કે આ એક ક્રાંતિકારી સુધારાનું પગલું છે. જેમાં અગ્નિવીર-Agniverr યુવાનોને નાની ઉંમરમાં જ લશ્કરી તાલીમની સાથી સ્વરોજગાર માટે સક્ષમ બનાવવામાં આવશે. આ સમય દરમિયાન તેમને મોટો પગાર પણ મળશે.

તો ચાલો જાણીએ કે આ ચાર વર્ષના કાર્યકાળ દરમિયાન અને પછી કેટલા પૈસા મળશે ? ઉપરાંત તેમની પાસે ચાર વર્ષ પછી કયા વિકલ્પો હશે ?

અગ્નિપથ યોજના હેઠળ અગ્નિવીર બનવા માટે યોગ્યતાના માપદંડ નીચે જણાવ્યાં મુજબ છે.

૧) રસ ધરાવતા યુવાનો માટે ભારતીય નાગરિક હોવું જરૂરી છે.
૨) અરજદારની ઉંમર સાડા સત્તર વર્ષથી એકવીસ વર્ષની વચ્ચે હોવી જોઈએ.
૩) અરજદાર ઉમેદવારે ૧૦ મું કે ૧૨ મું ધોરણ પાસ કરેલ હોવું જોઈએ.
૪) જેમણે ૧૦ મું ધોરણ પાસ કરેલું હશે તેમને તાલીમ દરમિયાન ધોરણ ૧૨નું શિક્ષણ પણ આપવામાં આવશે.

**તાલીમ અને ચાર વર્ષની સેવા પછી શું થાય છે ?**

ચાર વર્ષના કાર્યકાળના પ્રથમ છ મહિના તાલીમ આપવામાં આવશે. આ પછી સેનાના જવાનો સાથે દેશની સેવા કરવાનો મોકો મળશે. અગ્નિવીરોની સેવાના ચાર વર્ષ પૂર્ણ થયા બાદ તેઓ તેમની ઈચ્છા મુજબ નિયમિત કેડર માટે અરજી કરી શકશે.

જો કે, નિયમિત કેડરમાં કુલ અગ્નિવીરોના મહત્તમ ૨૫ ટકાને જ સ્થાન મળશે. તાલીમ મેળવનાર બાકીના ૭૫ ટકા અગ્નિવીરોને ચાર વર્ષની સેવા પછી ઘરે મોકલવામાં આવશે. જે જવાનોને સેવામાંથી મુક્ત કરવામાં આવશે તેમને સ્વરોજગાર માટે સક્ષમ બનાવવામાં આવશે. સરકારી સેવાઓમાં પ્રાથમિકતા આપવામાં આવશે. આ સાથે અગ્નિવીરોને ભૂતપૂર્વ સૈનિક ક્વોટાનો લાભ પણ મળશે.

પ્રથમ વર્ષમાં ૪૬ હજાર યુવક-યુવતીઓની ભરતી કરવામાં આવશે. આ સંખ્યા દર વર્ષે વધુ કે ઓછી હોઈ શકે છે. આ યોજના સેનાની ભરતી રેલીઓનું સ્થાન લેશે. અગ્નિવીરોને ભારતીય સશસ્ત્ર દળોમાં તેમના કાર્યકાળ માટે રૂા. ૪૮ લાખનું બિન-કોન્ટ્રીબ્યુટરી જીવન વીમા કવર પણ પ્રદાન કરવામાં આવશે.

દરેક અગ્નિવીરને ભરતીના વર્ષથી જ ૩૦ હજાર મહિનાનો પગાર મળશે. અગ્નિવીરનો પગાર બીજા વર્ષે ૩૩ હજાર, ત્રીજા વર્ષે ૩૬૫૦૦ અને ચોથા વર્ષે ૪૦ હજાર રૂપિયા થઈ જશે. તેમાંથી ૭૦ ટકા પગાર તરીકે આપવામાં આવશે. બાકીના ૩૦ ટકા અગ્નિવીર કોર્પ્સ ફંડ એટલે કે સર્વિસ ફંડ પેકેજમાં જમા કરવામાં આવશે. ચાર વર્ષમાં પગાર કાપથી કુલ બચત લગભગ રૂા. ૫.૦૨ લાખ થશે. સરકાર આ ફંડમાં પણ એટલી જ રકમ ઉમેરશે. એટલે કે પીએફની જેમ બેવડો ફાયદો થશે. આ રમક પર વ્યાજ પણ મળશે. ચાર વર્ષમાં સેલેરી કટ સાથે સરકારની બચત અને યોગદાન બંને મળીને લગભગ રૂા. ૧૧.૭૧ લાખ થશે. આ રકમ આવકવેરા મુક્ત હશે. આ રીતે, ચાર વર્ષ પછી, અગ્નિવીરને માસિક પગાર ઉપરાંત સર્વિસ ફંડ પેકેજમાંથી ૧૧.૭૧ લાખ રૂપિયાની રકમ આપવામાં આવશે. એટલે કે, ચાર વર્ષ પછી દરેક અગ્નિવીરને ચાર વર્ષ માટે તેનો કુલ પગાર મળશે. જે રૂા. ૧૧૭૨૧૬૦.૦૦ છે. બચત અને સરકારી યોગદાનના વ્યાજ ઉપરાંત કુલ રૂા. ૧૧.૭૧ લાખ એક સાથે મળશે. એટલે કે ચાર વર્ષમાં કુલ ૨૩ લાખ ૪૩ હજાર ૧૬૦ રૂપિયાની કમાણી થશે. આ સાથે અગ્નિવીરને ભૂતપૂર્વ સૈનિક ક્વોટાનો લાભ પણ મળશે. સેવા દરમિયાન અગ્નિવીર શહીદ કે અપંગ થઈ જાય તો આર્થિક મદદ પણ મળશે. જો કોઈ અગ્નિવીરનું મૃત્યુ થાય છે, તો સર્વિસ ફંડ સહિત એક કરોડથી વધુની રકમ વ્યાજ સાથે આપવામાં આવશે. આ સિવાય બાકીની નોકરીનો પગાર પણ આપવામાં આવશે. એટલે કે કુલ રકમ ૧

કરોડ ૨૩ લાખ ૪૩ હજાર જેટલી થશે. જ્યારે જો કોઈ જવાન ફરજની લાઈનમાં અક્ષમ થઈ જાય છે, તો તેને ૪૪ લાખ રૂપિયા સુધીની રકમ અને ચાર વર્ષના પગાર સાથે સર્વિસ ફંડ આપવામાં આવશે. એટલે કે કુલ ૬૭.૪૩ લાખ રૂપિયા આપવામાં આવશે.


ત્રણેય સેવાઓ માટે નોંધણી ઓનલાઈન સેન્ટ્રલાઈઝ સિસ્ટમ દ્વારા કરવામાં આવશે. જેમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ અને રાષ્ટ્રીય કૌશલ્ય લાયકાત ફ્રેમવર્ક વગેરે જેવી માન્ય ટેકનિકલ સંસ્થાઓ પાસેથી વિશેષ રેલીઓ અને કેમ્પસ ઈન્ટરવ્યુનો સમાવેશ થાય છે. નોંધણી 'ઓલ ઈન્ડિયા ઓલ ક્લાસ' ધોરણે થશે.

હાલ તો અગ્નિપથ યોજનાને લઈ બિહાર અને ઉત્તર પ્રદેશના યુવાનો વિરોધ કરી રહ્યાં છે. યુવાનોનો વિરોધ ઉગ્ર બનતા સતત બે દિવસથી બિહાર અને ઉત્તર પ્રદેશ પોલીસ એલર્ટ થઈ ગઈ છે. કેટલાક વિસ્તારમાં આગચંપી, ટાયર સળગાવવા અને ટ્રેનના ડબ્બાને પણ આગ લગાવ્યાના અહેવાલો મળી રહ્યાં છે. ત્યારે અગ્નિપથ યોજના અંગે સરકાર દ્વારા શું નિર્ણય આવે છે અને યુવાનોની માંગણી પુરી થાય છે કે કેમ તે જોવું રહ્યું.


NIRAV
Photo Arts
• HD VIDEO SHOOTING • PHOTOGRAPHY
• DESIGNER ALBUM • ONLINE VISION MIXING
• CANDID & PRE WEDDING PHOTOSHOOT & CINEMATOGRAPHY
• STUDIO SETUP • VIDEO HIGHLIGHT
• NEW PHANTOM HELICAM SHOOT • JIMMY JIB
• PRODUCT SHOOT • LED WALL • SCREEN PROJECTOR
• CUTOUT BANNAR WITH DESIGNING WITH STAND
Nirav Parekh / Harshad Parekh
9322515351 / 28282773 / 9821376776
304 A, Sai Dham, L.T.Road, Opp. Fish Market, Dahisar (West), Mumbai- 400 068. INDIA. Mobile : 9322515351 / 9821376776
E-mail : niravphoto@yahoo.com

With Best Compliments from :

Dr. Aashish Mody
M.S., D.N.B., M.N.A.M.S., F.C.P.S.D.N.B.



Dr. Rajat Mody
M.S.

AASHISH NURSING HOME AND LAPAROSCOPIC SURGERY CENTRE

B/106, Shroff Apt., Sodawala Lane, Borivali (West), Mumbai - 400092
Hospital : 28904405 | Mobile : 9821392920

# કાર્યસિધ્ધિ અને સફળતા

- કીરીટ ધારીઆ (પ્રતિક્રમા)

કાર્યસિધ્ધિ અને સફળતાના સમન્વય પાંચ કારણો દ્વારા મળે છે. અને આમાંના એક પણ કારણની ઉણપ રહે તો કાર્યનું ધાર્યુ પરિણામ આવતું નથી.

કાર્યસિદ્ધિ માટે ચાર કારણો અતિ મહત્વના છે. અને કર્મોની સાથે ઘનિષ્ઠ સંબંધ છે. કર્મો અનુસાર આ ચાર કારણોનું સંયોજન થાય છે. જે પ્રકારના આપણા કર્મો હોય તે પ્રમાણે ફળ મળે છે. સુખ અને દુઃખનો આના પર આધાર છે. આ બળ આ ચાર કારણોને આઘાપાછા થવા દેતું નથી. આના કારણે વિપરીત સંજોગોમાં પણ માણસને સફળતા મળે છે.

ગીતામાં કહ્યું છે કે ફળની આશા વગર કર્મ કરતા રહેવું જોઈએ. બધા સંજોગો હાજર હોય પણ પુરૂષાર્થ ન હોય તો સફળતા મળે નહી. આપણે હાથ જોડીને બેઠા રહીએ અને બધું ઉપરવાળા પર છોડી દઈએ તો કશું વળે નહીં. ઊંધુ ઘાલીને મચી રહેવાથી પણ કશું વળે નહીં. પરંતુ સમજપૂર્વક પરિશ્રમ કરતા રહીએ તો સંજોગો ઊભા થાય ત્યારે તેનો લાભ મળે છે.

આ દુનિયામાં જે કાંઈ વસ્તુ બને છે તે કારણ વગર બનતી નથી. કોઈપણ ઘટના ઘટિત થાય છે તેની પાછળ પાંચ કારણોનો સુમેળ છે અને કોઈપણ કારણની ઉણપ રહે તો કાર્ય થતું નથી.

એક કાળ (સમય), બીજુ સ્વભાવ (સારો ભાવ), ત્રીજુ નિયતિ (નિતી નિયમ-સાત્વિક), ચોથું પુરુષાર્થ (સતારાત્મક) અને પાંચનું કર્મ (સાત્વિક કર્મો) આ પાંચ કારણો ભેગા ન થાય તો કાર્ય સિધ્ધ થતું નથી.

ૠતુઓ સમય પ્રમાણે બદલાય છે. કુદરત અને અસ્તિત્વમાં સમય પ્રમાણે ફેરફાર થયા કરે છે. સમય પહેલા ફૂલો ખીલે નહીં, ફળો આવે નહી, સ્ત્રીને સંતાન પ્રાપ્તિ ૠતુકાળ પહેલાં થઈ શકે નહીં. બધી ઘટનાઓ કાળને આધીન છે. વિતી ગયેલી ક્ષણો પાછી આવતી નથી. માણસ જાગૃત રહે છે તે સમયનો સદુપયોગ કરી શકે છે.

કાળ નિર્દય છે અને શરીર દુર્બળ છે. અને આ સત્યને સ્મરણમાં રાખીને માણસે જીવવું જોઈએ. આપણે સમયની રાહ જોઈએ છીએ પણ સમય આપણી રાહ જોતો નથી. કેટલીક વખત સારા સંજોગો ઊભા થાય છે પણ આપણે તૈયાર હોતા નથી. માણસની સફળતા અને પ્રગતિમાં સમય અતિ મહત્વનો છે. સમય કાર્યસિધ્ધિનું મહત્વનું પાંસુ છે. કાર્યસિધ્ધિનું બીજું કારણ છે સ્વભાવ. તે સ્વભાવ મુજબ કાર્ય કરે છે. અગ્નિનો બાળવાનો અને પાણીનો શીતળતાનો ઠંડક આપવાનો છે. વસ્તુ તેના સ્વભાવ પ્રમાણે સક્રિય અને નિષ્ક્રિય બને છે. પ્રકૃતિ અને વલણ તેમાં મહત્વનું છે.

કાર્યસિધ્ધિનું ત્રીજું કાણ છે નિયતિ. આપણે નિયતિને આધીન છે. કારણે કે નિયતિ સામે ઝૂકવું પડે છે. કેટલીક મુશ્કેલીઓ અને દુઃખો આપણી ધારણા બહારના હોય છે. આપણે તેને કમનસીબ કે નસીબ, ભાગ્ય કે દુર્ભાગ્ય જે કહેવું હોય તે કહીએ પણ તે અનિવાર્ય છે. કાર્ય સિધ્ધિનું ચોથું કારણ પુરુષાર્થ જે સમજપૂર્વક કરતા રહીએ ત્યારે તેનો લાભ મળે છે. સાથે સાથે કર્મનો સમન્વય આવશ્યક અને જરૂરી છે.


II Jay Jay Shree Gokulesh ||

**Kinjal Parikh**
8104682589
9820815584

**Chintak Parikh**
9324310473
9819286125



**ESTATE AGENT**

*Flat/Shop/Office/Gala/Shed*

**BUY - SELL - RENT**

**Other Services**

- Housing Loan
- Loan Against Property
- Mou
- Agreement
- Registration
- Notary

Maha Rera No : A51900019245

YOUR DREAM'S OUR GOAL

# વેદના - સંવેદના

- રાજેશ કડકીઆ

કોઈપણ પ્રકારના સંબંધ માટે વાર્તાલાપ અત્યંત જરૂરી છે. વાર્તાલાપ-સંવાદના મુખ્ય બે ઘટક છે. સંવાદ અને સંપર્ક માનવ શરીર પર જેમ કરોડરજ્જુ પર મજબુતાઈથી ટકી રહે છે તેમ માનવ સંબંધની મજબુતાઈ માટે સંવાદ કરોડરજ્જુનું કામ પૂરું પાડે છે.

મજબૂત કરોડરજ્જુ જેમ શરીરને ટટ્ટાર રાખે છે તેમ અસરકારક સંવાદ સંબંધને ટકાઉ અને ચિરસ્થાયી બનાવે છે. એથી તદ્દન વિપતરીત કરોડરજ્જુ નબળા પડે કે એકાદ મણકો કે ગાદી ખસે તો સામાન્ય પીઠનાં દુ:ખાવાથી માંડીને વ્યક્તિને કમરમાંથી બેવડ વાળવાની સ્થિતિમાં લાવી શકે છે.

સંબંધોને માટીપગા ઠેરવતી કેટલીક સ્ત્રીઓ પાસેથી એવું પણ જાણવા મળે છે કે એમની ચીર-પરિચિત વ્યક્તિઓનાં સંપર્ક પરથી જ તેઓને જીવન સાથીનાં સંપર્કોની જાણ થઈ.

આથી જ દરેક પ્રકારનાં સંબંધોમાં સંવાદ મજબૂત અને અસરકારક હોય તો જ સંબંધોનો પાયો મજબૂત ટકાઉ બને છે. જો વ્યક્તિઓ વચ્ચે સંવાદ નબળાં હોય તો સંબંધો વણસે છે.

આજનાં યુગની સચ્ચાઈ એ છે કે સંબંધો મજબૂત બનાવવા અને સંપર્કને કાયમી ધોરણે ટકાવી રાખવાના સાધનો જેમ જેમ વધી રહ્યાં છે તેમ તેમ સંબંધો અને સંકર્પમાં રહેવું અઘરું બનતું ગયું છે.

સંપર્કના સાધનો જેટલાં વધ્યાં છે એટલી બીજા પરની જાસૂસી વધી છે. વિશ્વાસ ઘટયો છે અને શંકા-કુશંકાઓ વધી છે. આથી જ પતિ-પત્નિ વચ્ચેનાં સંબંધો ખોખલા થતાં જાય છે.

સંપર્ક વધારનારા સાધનોને કારણે પ્રેમીજનો વચ્ચે પણ તનાવ વધતો જાય છે. અને સંબંધો છટકણા અને બટકણા થતા જાય છે. ટેકનોલોજીએ સંવાદ અને સંપર્કના સાધનો વધાર્યા છે ત્યારે સંબંધો મજબૂત બનવાને બદલે વધારે ખોખલા અને બટકણા બનતા જાય છે. સંબંધોમાં નિકટતા અને આત્મીયતા વધવાને બદલે અવિશ્વાસ, શંકા, દલીલબાજી, ઈર્ષા, માલિકીભાવ અને તણાવ વધતા જણાય છે. નિકટતા વધારવાનો સમય આજકાલનાં ટેલી કોમ્યુનીકેશન ઉપકરણોએ છીનવી લીધો છે.

સંપર્કના સાધનોથી સાચ્ચા પ્રેમમાં અને લાગણીઓમાં ઓટ આવતી જાય છે. સંભોગ સંબંધમાં વિવિધ સમસ્યાઓ સર્જાઈ રહી છે. સંપર્કના સાધનો શયન કક્ષમાં સહુથી મોટા શત્રુ પુરવાર થઈ રહ્યાં છે. દૂર-સુદુર-પરદેશ કે લાંબા અંતરે વસેલા વ્યક્તિ સાથે અંતરંગ વાતો થઈ શકે છે પરંતુ પોતાની સાવ નજીક સહવાસી પતિ કે પત્નિ સાથે સંવાદ સાધવા માટે તેની પાસે સમય નથી. રુચી નથી કે લાગણી પણ નથી.

સંવાદ-સંપર્કના સાધનો સરળતાથી ઉપલબ્ધ થયા છે પરંતુ પારદર્શક, પ્રમાણિક અને દિલનાં સંબંધો જાળવવા અઘરા બન્યાં છે. જેમ જેમ આ સાધનો સરળતાથી ઉપલબ્ધ બન્યા છે તેમ વ્યક્તિ વિશેષ સાથે અધીરાઈ અને અપેક્ષાઓ પણ વધી જ છે પરંતુ કોઈની સાથે ગુણવત્તા સભર સંબંધ ટકાવી રાખવો મુશ્કેલ બન્યો છે.

આને કારણે જ મેક-અપ અને બ્રેક અપ સરળ બની ગયા છે. આવાં સાધનો વગર આપણે કોઈનેય ચાલે તેમ નથી આથી સહ જીવનનો દાટ વળતો જાય છે. લગ્નેતર સંબંધો અને છૂટાછેડાનું પ્રમાણ વધતું જાય છે. આ સર્વે ઉપલબ્ધિઓની સાથે સાથે વ્યક્તિ વધારે ચિંતિત, હતાશ, તનાવગ્રસ્ત અને એકલતા અનુભવે છે.

આવી બધી ટેકનોલોજીની હરણફાળ વચ્ચેથી હવે પરત ફરવું મુશ્કેલ છે. ટેકનોલોજીની સાથે સંવાદિતાનો ઉપયોગ સંબંધોને મજબૂત બનાવવામાં કઈ રીતે કરી શકાય એ જ હવે શીખવાનું રહ્યું છે..

જિંદગીમાં જે કંઈ ગમતું હોય એને વળગી રહેવામાં જ ખરૂ ડહાપણ છે.

## શ્રી બાલાસિનોર વિદ્યા મંડળ - પ્રશંસનીય દાન

આપણી સંસ્થાને માતબર દાન નીચે જણાવેલ દરિયાદિલ દાતાઓ તરફથી મળ્યું છે.

૧. રૂા. ૫૦,૦૦૦/- (અંકે પચાસ હજાર પુરા) નું માતબર દાન એક અતિ સંવેદનશીલ સદગૃહસ્થ પરિવાર તરફથી ગરીબ વિદ્યાર્થીઓની ફી રાહત માટે નામ ન જાહેર કરવાની શરતે મળ્યું છે.

૨. રૂા. ૨,૦૦૦/- (અંકે બે હજાર પુરા) નું માતબર દાન શ્રી કીર્તિભાઈ હીરાલાલ કડકિઆ તરફથી મળ્યું છે.

સંસ્થાના સૌ કારોબારી સભ્યો જ્યોતિપુંજના માધ્યમ દ્વારા દાતા પરિવારોનો જાહેરમાં આભાર વ્યક્ત કરતાં કૃતજ્ઞતાની લાગણી અનુભવે છે, અને પરમ કૃપાળુ પરમાત્માને દાતા પરિવારોના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રાર્થના કરે છે.

લિ. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિ વતી

## સંસ્કાર

- રાજેશ કડકીઆ

રામાયણમાં કહેવાયું છે કે ક્રોધ પ્રાણઘાતક શત્રુ છે. ઉપરથી મિત્ર સમાન પણ અંદરથી ભયંકર વેરી છે. ક્રોધ એ મહાતીક્ષ્ણ તલવાર સમાન છે. સઘળું સત્વ હણી લે છે.

ક્રોધથી કલુષિત બુધ્ધિ કર્તવ્ય અને અકર્તવ્યનો વિવેક ગુમાવી બેસે છે. આથી જ ક્રોધને કીર્તિનાશક કહ્યો છે. ક્રોધી માણસ પાસે ઉપાર્જિત કરેલી લક્ષ્મી પણ લાંબા સમય સુધી ટકતી નથી. માટે જ મનુષ્યએ ક્રોધનો ત્યાગ કરવો રહ્યો.

મનુષ્ય ગમે તેટલો સમર્થ હોય પણ ઉકળતા પાણીમાં તે ક્યારેય પોતાનું પ્રતિબિંબ નિહાળી શકતો નથી. ક્રોધ પણ ઉકળતા પાણી સમાન છે. મનુષ્ય ક્રોધે ભરાય ત્યારે પોતાનું હિત શેમાં સમાયેલું છે તે જોઈ શકતો નથી. દિવાસળી ખુદ સળગીને બળે અને અન્યને પણ બાળે છે.

ક્રોધ ક્રોધમાં પણ થોડોક ફરક હોય છે. સજ્જન માણસનો ક્રોધ પાણીમાં લીટા કરવા સમાન હોય છે. સાધારણ માનવીનો ક્રોધ રેતીમાં લીટા કરવા જેવો હોય છે. જ્યારે દુર્જન વ્યક્તિનો ક્રોધ લોઢા પર લીટા કરવા સમાન હોય છે. જે ક્યારેય લાંબા ગાળા સુધી વિસરતો જ નથી.

આપણને સહુને હંમેશા સહનશીલતાના અભાવે જ ક્રોધ થઈ આવે છે. ક્રોધ મૂર્ખ મનુષ્યનાં હૃદયમાં આજીવન રહે છે અને જ્ઞાનીઓનાં, સંત-મહાત્માઓના હૃદયમાં જવલ્લે જ ડોકિયું કરી જાય છે. મૂર્ખ વ્યક્તિ પોતાનાં ક્રોધને આવેશમાં ઓકી દે છે જ્યારે શાણા માણસો તેને પી જાય છે. ક્ષણિક આવેગ પણ આપણી નેતૃત્વશક્તિને ખીલવવા દેતો નથી. માનસિક સમતુલા ગુમાવતી વ્યક્તિ અન્યોની નારાજગી વહોરી લે છે. તેનાં મિત્રો કરતાં દુશ્મનો વધુ હોય છે. ક્ષણિક ઉશ્કેરાટ કે ક્રોધાવેશમાં આવી જનારી વ્યક્તિનું માનસ કુંઠિત થઈ જાય છે. અંતે તે નિરાશા અને નિષ્ફળતાને જ પામે છે.

ક્રોધ એટલે શું ? ક્રોધ એ પોતાની અશક્તિઓનો ખુદ સ્વની જબાનથી કરેલો સ્વીકાર છે. ક્રોધ જવાળારહિત તન બદલને પ્રજાવતો અગ્નિ છે. ક્રોધનું ઝેર રગેરગમાં પ્રસરી જઈ, લોહીને બાળી નાખી, શરીરને કમજોર બનાવી અંતે તેનો નાશ કરે છે. ક્રોધની જવાળા સર્વ પ્રથમ ક્રોધ કરનારને જ સળગાવે છે. ત્યારબાદ ઘણા અન્યનોને ય પ્રજવલિત કરે છે. ક્રોધ સદાય અહંકારથી ઉત્પન્ન થાય છે. મૂર્ખતાથી વધે છે અંતે પસ્તાવાથી જ સમાપ્ત થાય છે. ક્રોધને લીધે શારિરીક, માનસિક, આત્મિક એમ સર્વે પ્રકારની દુર્ગતિ થાય છે. ક્રોધની સાથે અગર વિવેકનો અંકુશ રહે તો તે એક રામબાણ ઔષધિનું કામ કરે છે.

શરીરમાં મનમાં ક્રોધ પ્રવેશતા આંખો લાલ થઈ જાય છે. ચહેરો ભયંકર વિકરાળ થઈ જાય છે, તે શરીરને બાળે છે, હૃદયને તપાવે છે. લોહીના પરિભ્રમણને અનિયમિત

શાસ્ત્રી ગોપાલભાઈ ભટ્ટ (ગોર)
SANKALP ASTROLOGIST CONSULTANT
JYOTIRVID (MUMBAI)
જ્યોતિષ વિશારદ, કર્મકાંડ વિશારદ
(મૂડેતી - અમદાવાદ)
જ્યોતિષ, મેળાપક, ગ્રહોના જપ, મંડપ મહુર્ત,
ગ્રહશાંતિ, લગ્ન વિધિ, વાસ્તુ શાંતિ, નક્ષત્ર શાંતિ,
શ્રીમંત સંસ્કાર, નવચંડી યજ્ઞ, પિતૃદોષ શાંતિ,
નારાયણ બલી, ડાઉઝિંગ ટેલી થેરેપી દ્વારા
વિવિધ જ્યોતિષ ને લગતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન,
વેદોક્ત પુરાણોક્ત,
શાસ્ત્રોક્ત પુષ્ટિમાર્ગ વિધિ વિધાનથી પૂજન
સંતોષપૂર્વક કાર્ય કરનાર
૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી,
બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬
મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨
Email : bhattgopal59@gmail.com

કરી દે છે. વ્યાકુળતા વધારે છે, વાણીને કઠોર-કર્કશ બનાવે છે અને ક્યારેક હૃદયરોગનો હુમલો પણ કરાવે છે. ક્રોધથી મનુષ્યનાં ધૈર્ય, વિદ્યા, જ્ઞાન, વિવેક સર્વેનો નાશ થાય છે.

ક્રોધ ઉપર તો ઈશ્વરનેય ખૂબ વેર છે. ક્રોધી વ્યક્તિ ઈશ્વરને પણ અપ્રિય છે. ક્રોધ હડકાયા કૂતરા સમાન હોય છે. જેમ હડકાયા કૂતરાની લાળ ઢોર કે મનુષ્ય જેને પણ અડકે તેને હડકાયા કૂતરાની જેમ ડાચિયો નાખીને મરવું જ પડે. આ જ રીતે ક્રોધની લાળ જેને અડે તે પણ હડકાયા કૂતરાની જેમ જ કલ્યાણનાં માર્ગની થકી પડી જાય છે.

**'કામ, ક્રોધને લોભને જો ત્યજવાની આશ;**
**વિવેક, ક્ષમા, સંતોષથી તેનો કરવો વિનાશ.'**

આજનો માનવ દિન પ્રતિદિન જતું કરવાનું વિસરી જાય છે. દરેકની સહનશક્તિ બિલકુલ ઘટી ગઈ છે અને દરેકનાં મગજ દિવસે-દિવસે હાઈ પાવરનાં થતાં જાય છે. વાતવાતમાં ક્રોધ કરી બેસે છે, એથી જ એકબીજા પર દોષોનું પ્રત્યાર્પણ કરી સામસામે આક્રોશ ઠાલવે છે. આજકાલ દરેક ઘરોમાં સભ્યો એકબીજાની સામે ક્રોધથી એકબીજા પર આક્ષેપો કરે છે.

આમ કરવાથી કંઈ આજકાલનાં સર્વે પ્રશ્નોનો હલ કદાપિ નથી આવતો. આપણે સહુ એક પરિવારનાં સભ્યો છીએ. ભૂલ તો કોઈનીય પણ થઈ શકે છે. સુખમાં જેમ સદૈવ સાથે રહ્યાં છો તેમ દુઃખમાં પણ સાથે જ સંપીને રહેવાનું યોગ્ય છે. ભવિષ્યમાં આવનારી મુશ્કેલીનાં નિવારણ માટે આજથી જ જાગૃત બની સર્વે સંમત્તિથી સલાહ, સૂચન સંપીને તેમાંથી માર્ગ કાઢવો રહ્યો. આપણાં દુર્વ્યસ્નોનો સત્વરે ત્યાગ કરી તેમાંથી હંમેશને માટે મુક્તિ પામવી. એક ક્ષણનો ક્રોધ વરસોનો પસ્તાવો પાછળ મુકતો જાય છે. આથી જ ક્રોધરૂપી દોષને આપણે સહુ કોઈ આજ ક્ષણે તિલાંજલી આપીએ...


**દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)**

**(જ્યોતિર્વિદ-મુંબઈ)**

**Sankalp Astrologist & Palmist**

તથા

**જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર, લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી, નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા, ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ, શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ, પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી, ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.**

**મો. - ૯૫૯૪૩૨૬૨૦૨**

**Dr. Rita Gandhi**

Holistic Wings

**- Mind Body & Soul**

Reach out to me for personal consultations and group lectures on Natural Lifestyle for your robust health.

***Also expertise in***

- **Nutritional Counselling**
- **Alternate Therapy**
- **Health & Wellness Talks**
- **Oil/Fat Free Herbal/Vegan/Vegetarian Cooking Classes**
- **Healing with Colours, Chakras and Grahas**
- **Reiki Grand Master**
- **Ramal Shastra Astrologer**

Healed many people of their health aliments with Natural Lifestyle changes.

***Connect for more details :***

**Mobile No. : +91 9987390705**

**Email : rmgandhi54@gmail.com**

**Consultation with prior appointment**

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ
## મેડીકલ સેંટર

### ખુશ ખબર

**સર્વે વાડાસિનોર વાસીઓ,**

જત જણાવવાનું કે ફરી એકવાર શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલીત મેડીકલ સેંટર ચોપાટી ખાતે નીચે જણાવેલ પેકેજો (એક પેકેજ પર એક પેકેજ ફ્રી) તા. ૧ લી એપ્રીલ થી શરૂ કરવામાં આવે છે. સૌ. મે. N.M. Medical

| ક્રમાંક | પેકેજના નામ | કિંમત |
|---|---|---|
| ૧. | N.M. Health Plan Primary | ૩૫૦૦.૦૦ |
| ૨. | N.M. Health Plan Gold | ૬૯૫૦.૦૦ |
| ૩. | N.M. Health Plan Gold Plus | ૯૯૫૦.૦૦ |
| ૪. | N.M. Health Plan Platinum | ૧૭૫૦૦.૦૦ |
| ૫. | N.M. Health Plan Diamond | ૨૭૫૦૦.૦૦ |
| ૬. | N.M. Senior Citizen Plan | ૭૦૦૦.૦૦ |

વધુમાં જણાવતાં સહર્ષ આનંદ અનુભવીયે છીએ કે જોગેશ્વરી થી બોરીવલી સુધીના રહેવાસીઓ માટે Pathology Test કરાવનારને ફ્રી હોમ વિઝીટની સેવા મળશે. સૌ મે. N.M. Medical

આશા છે કે આપ સૌ વધુમાં વધુ લોકો ઉપર જણાવેલ સેવાઓ નો લાભ લેશો અને સંસ્થાની પ્રગતીમાં અપરોક્ષ રીતે ફાળો નોંધાવશો.

આ અંગેની વધુ વિગતો નીચે જણાવેલ ફોન નંબર પર મેળવી લેવા વિનંતી.

સંપર્ક હેતુ નવો ફોન તથા વોટસઅપ નંબર આપણા સૌની સુવિધા ખાતર રાખવામાં આવેલ છે. સૌને વિનંતી કે આપની જરૂરિયાત મુજબ આપ નીચે જણાવેલ નંબરોનો ઉપયોગ કરી શકશો.

**લેન્ડલાઈન નંબર - ૦૨૨-૨૩૬૭૦૧૬૯ - મોબાઈલ તથા વોટ્સ અપ નંબર - + ૯૧ ૯૮૬૭૯૯૧૮૪૩**

**કારોબારી સમિતિ વતિ મંજુલ ધારિયા, અનિશ ગાંધી, સમીર શાહ - માનદ્ મંત્રીઓ**

---

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

જત જણાવવાનું કે સમાજની કાર્યવાહક સમિતિના એક એવી બેઠકમાં નક્કી થયા મુજબ સમાજ તરફથી ફાળવવામાં આવતી સહાયની રકમ અપૂર્તી હોવાથી સમાજ રૂા. ૧૦,૦૦૦/- ની એક એવી મીતી ની રજુઆત કરે છે. આ રકમ જે તે વર્ષમાં આવશે તે જ વર્ષમાં સહાયરૂપી વાપરવામાં આવશે.

યદી આપ જો આપની મીતી નોંધાવવા ઈચ્છતા હો તો નીચે જણાવેલ સંસ્થાના કાર્યકર્તાઓનો સંપર્ક સાધવા વિનંતી.
**શ્રી વ્રજેશ દેસાઈ-૯૮૨૦૦૩૯૩૦૪, શ્રી કાર્તિકેય કડકીઆ-૯૮૨૦૦૩૦૮૪૨, શ્રી કિર્તી કડકીઆ-૯૮૨૧૦૨૯૨૭૦** અથવા સંસ્થાના હોદ્દેદાર નો સંપર્ક સાધશો.

**કારોબારી સમિતિ વતિ મંજુલ ધારિયા, અનિશ ગાંધી, સમીર શાહ - માનદ્ મંત્રીઓ**

---

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજને પ્રાપ્ત થયેલ દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | રીવાઈવલ પેપર્સ મિલ્સ પ્રા.લિ. - હસ્તે - રેખાબેન જશવંતભાઈ ધારીઆ | - | રૂા. ૫૦,૦૦૦/- |
| ૨. | એક સદગૃહસ્થ તરફથી | - | રૂા. ૫૦,૦૦૦/- |
| ૩. | કીર્તી રમણલાલ ધારીઆ | - | રૂા. ૧૦,૦૦૦/- |
| ૪. | રમેશ રમણલાલ ધારીઆ | - | રૂા. ૧૦,૦૦૦/- |

ઉપરોક્ત દાતાઓનો સંસ્થા આભાર માને છે. **મંત્રી - મંજુલ ધારીઆ, અનિશ ગાંધી, સમીર શાહ**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં માહે એપ્રિલ તથા મે ૨૦૨૨ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

મેડીકલ, ગાયનેક, સર્જીકલ, આંખ, માનસિક, સોનોગ્રાફી, મોબાઈલ, ફીજીયોથેરાપી તેમજ ઈમરજન્સીમાં કુલ ૧૧૨૬૮ દર્દીઓએ, એક્ષ રે વિભાગમાં ૩૮૬ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં કુલ ૧૨૯૨ દર્દીઓએ લાભ લીધેલ છે. સર્જનના મેજર ઓપરેશન ૨૪ માઈનોર ૨૯, ગાયનેકના મેજર ઓપરેશન ૬૯ પૈકી કુટુંબ કલ્યાણના ૧૨ તથા માઈનોર ૧૮ તથા ઈએનટી માઈનોર ૩૬ તેમજ આંખના મેજર ૧૫૨ ઓપરેશનો કરવામાં આવેલ છે. તેમજ દવાની રૂા. ૧૦૯૯૮૫૭/- ની માફી તેમજ ઈન્ડોરમાં રૂા. ૧૦૯૬૮૫/- ની માફી તેમજ ઓપીડીમાં (સેબ, એક્સરે, ઓક્સીજન વીગેરે) માં રૂા. ૧૩૫૧૭૦/- ની માફી કરવામાં આવેલ છે.

**હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

૧. **કુસુમબેન કીર્તનલાલ પારેખ છારીનો કેમ્પ :** હોસ્પિટલમાં તા. ૧૫-૪-૨૦૨૨ના રોજ ૨૧ તથા ૨૦-૫-૨૦૨૨ના રોજ ૩૦ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

૨. **મણીબેન મોહનલાલ શાહ (વસનજી) તથા રમતીબેન રમણલાલ કડકીઆ (ટોકરસી) ઈકો કેમ્પ :** તા. ૭-૪-૨૦૨૨ ના રોજ ૫૩, તા. ૨૧-૪-૨૦૨૨ના રોજ ૩૬ તેમજ તા. ૫-૫-૨૦૨૨ના રોજ ૪૮ તથા તા. ૨૬-૫-૨૦૨૨ના રોજ ૩૬ દર્દીઓના ઈકો રાહત દરે કરવામાં આવેલ.

કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટરમાં માહે એપ્રીલ તથા મે ૨૦૨૨ના માસ દરમ્યાન ફીજીશીયન, ઈએનટી, ઓર્થો, સ્કીન, ડેન્ટલ ઈમરજન્સી, નેફ્રોલોજી તેમજ ગેસ્ટ્રોલોજીના મળી કુલ ૩૪૪૨ દર્દીઓએ તથા એક્ષ રે વિભાગમાં ૫૬૭ દર્દીઓએ તેમજ પેથોલોજી વિભાગમાં ૧૬૮૫ દર્દીઓએ લાભ લીધેલ છે. તેમજ લેબમાં રૂા. ૪૫૪૦/- ની માફી તથા રૂા. ૬૭૩૮૮/-ની દવા માફી એક્સ રે રૂા. ૨૦૦/-, એક્સ રે રીપોર્ટીંગ રૂા. ૫૦/-, ઈકો રૂા. ૧૦૦૦/- ની માફી તેમજ ઈન્ડોરમાં રૂા. ૭૬૦૦૦ની માફી મળીને કુલ રૂા. ૧૪૯૧૭૮/- ની માફી કરવામાં આવેલ છે. આ કુલ માફી પૈકી ઈન્ડોર માફી રૂા. ૬૬૦૦/- (૪ દર્દી) દશાનીમાં સિવાયની અન્ય દર્દીઓની માફી કરવામાં આવેલ છે. તથા ડાયાલીસીસમાં સરકારશ્રીની મા યોજના હેઠળ ૪૦૬ દર્દીઓએ લાભ લીધેલ છે.

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન**

| | | | |
|---|---|---|---|
| ૧. શ્રી જયંતિલાલ મુળજીભાઈ પરીખ (બખલી) | રૂા. ૧,૦૦,૦૦૦/- | ૨. શ્રી તુષાર જયંતિલાલ કડકીઆ | રૂા. ૫૦,૦૦૦/- |
| ૩. શ્રી આશિષ દીનેશભાઈ શેઠ | રૂા. ૫૦,૦૦૦/- | ૪. શ્રીમતી કલ્પના કીર્તીકુમાર કડકીઆ | રૂા. ૧૨,૫૦૦/- |

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજનામાં વધુ નોંધાયેલ દાન**

| | | | |
|---|---|---|---|
| ૧. શ્રી દિનેશભાઈ મોજીલાલ શેઠ | રૂા. ૧૧,૦૦૦/- | ૨. શ્રી આશિષ દિનેશભાઈ શેઠ | રૂા. ૧૧,૦૦૦/- |

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટને એ.એમ.એમ. નર્સીંગ કોષ તથા બી.એસ.સી. નર્સીંગ કોલજની ગુજરાત નર્સીંગ કાઉન્સીલ તરફથી મળેલ માન્યતા મુજબ આ બેઉ કોર્ષ માહે જાન્યુઆરી ૨૦૨૧ થી ચાલુ થઈ ગયેલ છે.**

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજનામાં રૂા. ૧૧,૦૦૦/- નો ફાળો નોંધાવી ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા દાતાશ્રીઓને વિનંતી.**

**કે.એમ.જી જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા માટે વિનંતી.**

**નિતીન પરીખ / પરેશ પરીખ - માનદ્ મંત્રીશ્રીઓ**

## ઉધરસને જડમૂળથી મટાડવા અપનાવો આ ઘર ગુથ્થુ ઉપાયો

ઉધરસ કોઈપણ ઋતુમાં થઈ શકે છે. આમ, જ્યારે સુકી ઉધરસ થાય છે ત્યારે આપણને ખુબ જ હેરાન કરે છે. સામાન્ય રીતે એકાએક બદલાઈ જતી સીઝનમાં તરત જ શરદી, ખાંસી થઈને ઉધરસ થઈ જવાનો ડર રહેતો હોય છે. જોકે લોકોને બદલાતી ઋતુની ખબર જ નથી પડતી કે શું કરવું જોઈએ કે જેનાથી ઉધરસથી છુટકારો મળે. ગરમી શરૂ થતાની સાથે જ ઠંડુ પાણી પીતા જ બાળકોનું ગળું પકડાઈ જાય છે, મોટા લોકો પણ જેમની રોગ પ્રતિકારક શક્તિ ઓછી હોય તેઓ ઝડપથી આ સિઝનલ શરદી-ખાંસી અને ઉધરસના ચક્કરમાં ફસાઈ જાય છે. આમ, જો તમે ઉધરસ-ખાસીમાંથી છૂટકારો મેળવવા ઈચ્છતા હોવ તો આ ઘરગથ્થુ ઉપાયો તમારા માટે ખૂબ જ કામના છે.

D કાંદાના રસમાં મધ મેળવીને પીવાથી ગમે તેવી ઉધરસ મટે છે.
D કાંદાનો ઉકાળો કરી પીવાથી કફ દૂર થઈ ઉધરસ મટે છે.
D લીંબુના રસમાં તેનાથી ચારગણું મધ મેળવીને ચાટવાથી ઉધરસ મટે છે.
D રાત્રે થોડાક શેકેલા ચણા ખાઈ, ઉપર પાણી વગર સૂઈ જવાથી ઉધરસ મટે છે.
D અરડૂસીનાં પાનના રસ સાથે મધ લેવાથી ઉધરસ મટે છે.
D મરીનું ચૂર્ણ સાકર, ઘી સાથે મેળવી ચાટવાથી ઉધરસ મટે છે.
D એક ચમચી મધ અને બે ચમચી આદુનો રસ મેળવી પીવાથી ઉધરસ મટે છે.
D થોડી હીંગ શેકી, તેને ગરમ પાણીમાં મેળવી પીવાથી ઉધરસ મટે છે.
D દ્રાક્ષ અને સાકર મોં મા રાખી ચૂસવાથી ઉધરસ મટે છે.
D લસણની કળીઓને કચરી, પોટલી બનાવી, તેની વાસ લેવાથી મોટી ઉધરસ (હુ પિંગ), કફ મટે છે.
D લવિંગને મોં માં રાખી ચૂસવાથી ઉધરસ મટે છે.
D મરીનું ચૂર્ણ દૂધમાં ઉકાળી પીવાથી ઉધરસ મટે છે.

પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામા

**બિજેશ નવનીતલાલ ધારીઆ (ઓલ્લા)**
૯૦૧, ૯મે માળે, અન્નપૂર્ણા બિલ્ડીંગ, વી.પી. રોડ, ચંદા રામજી સ્કુલ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૪
(મો.) - ૮૩૬૯૯૩૦૪૯૭ / ૯૮૬૯૯૯૩૮૭૨

## તેજસ્વી તારલા

**કશ્વી સૌમિલ પરીખ** HSC ની પરીક્ષામાં ૮૭% માર્કસ સાથે ઉત્તીર્ણ થાય છે. સંસ્થા વતી તેમને અભિનંદન.


## મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| D પ્રદીપ કાંતીલાલ દોશી | ૬૯ |
| D ઉષાબેન દિનેશભાઈ કડકીઆ (લટકારી) | ૭૬ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**આપણી જાતને એવી બનાવીએ કે.... હંમેશા ઉકેલનો ભાગ હોઈએ, સમસ્યાઓનો નહીં...**


।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**
**જયો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**
(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)
**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોક્ત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.
**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**
**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**

Authorised Distributors

# POLYCAB
WIRES & CABLES





- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

**AMRISH KACHARIA** **+91 9769025153**

## PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

Publishing day 20th of every month
40
JYOTI PUNJ - July - 2022
WPP License No. MR/TECH/WPP-147/South/2021-23
Regd.No.MCS / 050 / 2021-23
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

Celebrating 45 Years

ANUKOOL selections®

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH    RASESH PAREKH

542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.Contact: ☎ 2361 2848 - 2369 4166, ▯ 9930635579
E: anukoolselections@gmail.com, W: www.anukoolselections.com

IES®

Celebrating 25th Year

INTEGRATED ENTERTAINMENT SOLUTIONS®
Your Indian Distribution Partner
Intelligent Pro-Lighting, Pro-Sound & AV Distribution

ROBE® AVA AVOLITES MADRIX LIGHTING CONTROL HK AUDIO

ANOLIS Lucent ASHLY lumenradio Luminex CAPTURE PENTON DJPOWER

Concept · Design · Installation · Supply · Training · Maintenance

E: iesolns@gmail.com W:www.iesolns.com. Rasesh Parekh: 9821125579

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh
& Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.